# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-02-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનોને ગ્રેચ્યુઇટી અપાઇ :

કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહિલા અને બાળ વિકાસક્ષેત્રે વર્ષો સુધી સેવા આપનાર આંગણવાડી કાર્યકર અને તેડાંગર બહેનોના હિતમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. જિલ્લા વિકાસ અધિકારી અને પ્રોગ્રામ ઓફિસરના માર્ગદર્શન હેઠળ કુલ ૧૪૨૭ નિવૃત્ત બહેનોને રૂપિયા ૧૧ કરોડ ૨૭ લાખ ૪૩ હજાર ૪૮૩ ની રકમ ગ્રેચ્યૂઈટી પેટે સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. નલિયા ખાતે યોજાયેલા આયુષ મેળામાં ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે અબડાસાની ૨૮ બહેનોને અંદાજે રૂપિયા ૧૨ લાખના ચેક અર્પણ કરાયા હતા. કુપોષણમુક્ત ગુજરાતના સંકલ્પમાં સહભાગી બનેલી આ બહેનોની આર્થિક સુરક્ષા માટે લેવાયેલા આ પારદર્શી નિર્ણયથી નિવૃત્ત કર્મચારીઓમાં આનંદનો માહોલ છવાયો છે

---------------------------------------------------------------------------------------------

## કચ્છમાં શિવરાત્રીની ઉજવણી :

સમગ્ર કચ્છમાં આવતીકાલે રવિવારે મહાશિવરાત્રીના પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ભવ્યશોભાયાત્રાઓ નીકળશે. મંદિરોમાં ભાંગનો પ્રસાદ અને ફળાહારની વ્યવસ્થા કરવામાં આવીછે. રાત્રિના સમયે વિવિધ સ્થળોએ શિવ સ્તુતિ અને ભજન સંધ્યાના કાર્યક્રમોથી વાતાવરણ શિવમય બનશે. ભુજમાં ભૂતનાથ સેવા સંસ્થાન અને સમસ્ત હિન્દુ સમાજ દ્વારા સતત 12મા વર્ષેમહાશિવરાત્રિની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે સવારે પાળેશ્વર ચોકથી સંતો-મહંતો અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. શહેરના મુખ્ય માર્ગો પર ફરનારી આ શોભાયાત્રામાં શિવ-પાર્વતીના આકર્ષક ફ્લોટ અને ડીજેના તાલે ભક્તો જોડાશે. શ્રદ્ધાળુઓ માટે માર્ગમાં ઠંડા પીણાં અને અંતે મહાપ્રસાદની વ્યવસ્થા કરાઈ છે. સમગ્ર શહેરને કેસરીધ્વજથી શણગારવામાં આવ્યું છે. આ આયોજનને સફળ બનાવવા વિવિધ મંડળો અને કાર્યકરોછેલ્લા 15 દિવસથી જહેમત ઉઠાવી રહ્યા છે.

---

## કચ્છના સાહિત્યકારને પુરસ્કાર :

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2024ના પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સંશોધન-ભાષાવ્યાકરણ વિભાગમાં કચ્છના જાણીતા સંશોધક સંજય પી. ઠાકરના પુસ્તક 'કચ્છધરાની વિસ્મૃત વિરાસત: સેલોર-વાવ સ્થાપત્ય'ને તૃતીય પારિતોષિક પ્રાપ્ત થયું છે.આ એવોર્ડ આગામી 20મી ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવશે. છેલ્લા 40 વર્ષથી કચ્છના ઇતિહાસ પર સંશોધન કરતા સંજયભાઈના અત્યાર સુધીમાં 15 પુસ્તકો પ્રસિદ્ધ થયા છે.

---

## ઉત્તર ભારતીય સમાજ દ્વારા ગાંધીધામ-ભાગલપુર ટ્રેન ચાલુ કરવા માંગ :

ગાંધીધામ-ભાગલપુર ટ્રેન બંધ થતાં ફેલાયેલા અસંતોષ બાદ, કચ્છના સાંસદ વિનોદ ચાવડા અને ઉત્તર ભારતીય સમાજના પ્રતિનિધિઓએ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે દિલ્હીમાં બેઠક યોજી હતી. રજૂઆતોને પગલે રેલવે મંત્રીએ હકારાત્મક નિર્ણય લેતા હવે ગાંધીધામ-ભાગલપુર ટ્રેન સપ્તાહમાં બે દિવસ અને ગાંધીધામ-બરૌની ટ્રેન સપ્તાહમાં એક દિવસ દોડાવવા ખાત્રી આપી છે.

આ ઉપરાંત, સાબરમતી ટ્રેનને ગાંધીધામ સુધી લંબાવવા અંગે પણ હકારાત્મક ચર્ચા થઈ હતી. રેલવે મંત્રીએ આ સુવિધાઓ વહેલી તકે અમલમાં મૂકવાની ખાતરી આપી છે, જે બિહાર તરફ મુસાફરી કરતા હજારો પ્રવાસીઓ માટે મોટી રાહત સાબિત થશે.

---

## ગાંધીધામ પ્લાસ્ટિક વિરૂધ્ધ ઝૂંબેશ :

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના હોલસેલ વેપારીઓના ગોદામો અને દુકાનોમાં કરાયેલી તપાસ દરમિયાન 120 માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતું અંદાજે 350 કિલોગ્રામ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. નિયમોના ભંગ બદલ વેપારીઓ પાસેથી કુલ ₹70,000નો દંડ વસૂલવામાં આવ્યો છે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે શહેરને સ્વચ્છ અને પર્યાવરણમિત્ર બનાવવા માટે આવી કડક કાર્યવાહી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે.

## રાપરમાં VB-G-RAM-G યોજના અંગે ખેડૂત સંમેલન:

રાપરમાં VB-G-RAM-G યોજના અંગે ખેડૂત સંમેલન -પરેશ મારૂરાપર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે 'વિકસિત ભારત-ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામિણ)' VB-G-RAM-G યોજનાની સમજણ આપવા માટે રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાની અધ્યક્ષતામાં ખેડૂત સંમેલન યોજાયું હતું. સંમેલનમા  યોજના અંગે જાણકારી આપી ખેડૂતો માટે આશિર્વાદસમાન હોવાનું જણાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના હોદેદારો, સરંપો, અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્ત રહ્યા હતા.

------------------------------------------------------------------------------------------------

## હવામાન :

કચ્છ જિલ્લામાં હાલ હવામાનનો અનોખો મિજાજ જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરીના મધ્યમાં જ જિલ્લાવાસીઓ બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. બપોરના સમયે સૂર્યદેવના આકરા તાપના કારણે ગરમીનો અનુભવ લોકો કરી રશહ્યા છે જ્યારે મોડીરાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં નરમાશ સાથે ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે. હવામાન વિભાગના આંકડાઓ જોઇએ તો આજે નલિયામાં 12 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જ્યારે જિલ્લા મથક ભુજમાં 17.2 ડિગ્રી નોંધાયું છે. મહત્તમ આંકડાઓ પર નજર કરીએ તો કચ્છના તમામ મથકોમાં 32 ડિગ્રીથી વધુ તપામાન નોંધાયું છે.

------------------------------------------------------------------------------------------------